### ભાજપના ૩૬માંથી ૨૬ બેઠકોની સ્પષ્ટ બહુમતી છતાં ૧૭ નવા અને ૯ પુનઃ ચૂંટાયેલા સભ્યોમાં ભારે ઘૂંઘવાટ

# પેટલાદ પાલિકામાં ભાજપના શાસનના માત્ર ૪ મહિનામાં જ અસંતોષનો વિસ્ફોટ !

**‘રીમોટ કંટ્રોલ’** વહીવટ અને ભ્રષ્ટાચાર સામે પક્ષના સભ્યોએ જ બાંયો ચડાવી

(પ્રતિનિધિ) પેટલાદ તા.૧૨

પેટલાદ નગર પાલિકામાં સ્પષ્ટ બહુમત સાથે ભાજપનું શાસન કાર્યરત છે. પાલિકામાં પ્રથમ વખત 36 માંથી 26 બેઠકો ભાજપને મળી છે. રોટેશન મુજબ ઓબીસી મહિલા પ્રમુખ સત્તારૂઢ છે. પરંતુ શાસન રીમોટ કંટ્રોલ થકી ચાલી રહ્યું હોવાનું જગજાહેર છે. આટલી મોટી સંખ્યામાં સભ્યોનો બહુમત હોવા છતાં અસંતોષનો ઘૂઘવાટ માત્ર ચાર મહિનામાં શરૂ થઈ ગયો છે. ઉપરાંત પાલિકામાં ચાલતો ભ્રષ્ટાચાર હવે તો શહેરના દરેક ચોતરા ઉપર ચર્ચાનો વિષય બનવા પામ્યો છે. પરંતુ વહીવટદાર નેતાઓ વચ્ચે તેરી ભી ચુપ મેરી ભી ચુપ ચાલી રહ્યું છે.

પેટલાદ નગર પાલિકાની સામાન્ય ચુંટણી ગત એપ્રિલ ૨૦૨૬માં યોજાઈ હતી. અહીંયા 9 વોર્ડની 36 બેઠકો માટે યોજાયેલી ચુંટણીમાં 26 બેઠકો ભાજપને ફાળે ગઈ હતી. જેથી સ્પષ્ટ બહુમતી સાથે ભાજપ



સત્તારૂઢ બની હતી. પાલિકામાં પ્રથમ ટર્મ માટે ઓબીસી પ્રમુખ તરીકે પાર્ટીએ કોકીલાબેન તળપદાને મેન્ડેટ આપ્યો હતો. પરંતુ પાલિકાનો સઘળો તમામ વહીવટ માત્ર એક કે બે વ્યક્તિઓ દ્વારા થઈ રહ્યો હોવાનું જગજાહેર છે. જોકે સત્તા પક્ષના 26 માંથી 9 સભ્યો ફરીથી ચુંટાયા છે. જ્યારે 17 સભ્યો પ્રથમ વખત ચુંટાઈને પાલિકામાં પહોંચ્યા છે. પરંતુ છેલ્લા ચાર મહિનાથી પાલિકાની રીમોટ સત્તાના વહીવટ સામે કેટલાક સભ્યોનો અસંતોષ ઉકળી રહ્યો છે.

ખાસ કરીને ચુંટાયેલા સભ્યોના કામ ન થવા, રજુઆતોને ધ્યાન ઉપર ના લેવી, સભ્યોના કુટુંબીજનોને નોકરી માટે રાખવા, નાણાંકીય વહીવટ જેવા અનેક મુદ્દાઓને કારણે સભ્યોમાં ઘૂંઘવાટ અત્યારથી જ શરૂ થઈ ગયો છે. તેમાંય પાલિકાના સભ્યોને તાજેતરમાં કરેલી નાણાંની વહેંચણી, ભાગબટાઈ અને ટેન્ડર પ્રક્રિયામાં વહીવટના આક્ષેપો, ગ્રાન્ટોનો દુરૂપયોગ જેવા અનેક મુદ્દાઓ ટોક ઓફ ધ ટાઉન બનવા પામ્યા છે.

મળતી માહિતી મુજબ, પાલિકાની રીમોટ કંટ્રોલથી ચાલતી સત્તા સામે કેટલાક સભ્યોએ બાંયો ચડાવી હોવા ઉપરાંત ધારાસભ્યને રજુઆત કરી હોવાનું પણ જાણવા મળે છે.

## ખેડાના નીલકંઠ મહાદેવ મંદિરે ભસ્મ આરતી અને મહાઆરતી યોજાઇ



ખેડાના મહેમદાવાદ રોડ પર આવેલા પૌરાણિક નીલકંઠ મહાદેવ મંદિરે શ્રાવણ માસની અમાસે ભગવાન ભોળાનાથ અને પિતૃઓની કૃપા પ્રાપ્તિ અર્થે વિવિધ ધાર્મિક આયોજનો કરવામાં આવ્યા હતા. મંદિરના મહંત કનૈયાનંદજી મહારાજ દ્વારા મહાદેવને વિવિધ દ્રવ્યોથી જલાભિષેક કર્યા બાદ ૧૦૮ કળશથી અભિષેક કરવામાં આવ્યો હતો. આ અભિષેક બાદ નીલકંઠ મહાદેવની સૌ પ્રથમ વખત ભસ્મ આરતી, અક્ષત અભિષેક અને સુંદર ફૂલોનો શણગાર કરાયો હતો. અંતમાં સાંજે ૭ કલાકે યોજાયેલી ભવ્યાતિભવ્ય મહાઆરતીમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત ભક્તજનોએ દર્શનનો લ્હાવો લીધો હતો.

- પ્રગ્નેશ ભાવસાર

# કપડવંજમાંમભયોનાસંચાલક કમ કુકને ફરજમુક્ત કરાયાં

**મેનુ મુજબ અને** ગુણવત્તાયુક્ત ભોજન ન મળવાની રજૂઆત બાદ કાર્યવાહી

(પ્રતિનિધિ) કપડવંજ તા.૧૨

ખેડા કલેક્ટર એન.વી. ઉપાધ્યાય દ્વારા કપડવંજ તાલુકાના તાલપોડા ગામની શાળાની મુલાકાત દરમિયાન મધ્યાહન ભોજન યોજનામાં ગંભીર બેદરકારી સામે આવતા, સંચાલક કમ કુકને તાત્કાલિક અસરથી ફરજમાંથી મુક્ત કરવાનો આદેશ કરવામાં આવ્યો છે.



ખેડા કલેક્ટરની મુલાકાત સમયે તાલપોડાના સ્થાનિક રહીશોએ રજૂઆત કરી હતી કે, શાળામાં ફરજ બજાવતા એમડીએમ સંચાલક કમ કુક રાઠોડ નેતલબેન અમિતકુમાર દ્વારા વિદ્યાર્થીઓને નિયત મેનુ મુજબ અને યોગ્ય ગુણવત્તાયુક્ત ભોજન પૂરું પાડવામાં આવતું નથી. આ મામલે શાળાના આચાર્યશ્રી દ્વારા વારંવાર સૂચનાઓ આપવામાં આવી હોવા છતાં સંચાલક દ્વારા મેનુનું પાલન કરવામાં આવતું ન હતું.

આ ફરિયાદોની ગંભીરતાને ધ્યાને લઈને કલેક્ટર એન.વી. ઉપાધ્યાયે રૂબરૂ મુલાકાત દરમિયાન જ તુરંત નિર્ણય લઈને સંચાલક કમ કુક રાઠોડ નેતલબેન અમિતકુમારને તાત્કાલિક અસરથી ફરજમાંથી એકતરફી મુક્ત કર્યા છે. વિદ્યાર્થીઓની ભોજન વ્યવસ્થા જળવાઈ રહે તે માટે મધ્યાહન ભોજન યોજના કેન્દ્ર નંબર ૧૧૬ લાલમાંડવા પ્રાથમિક શાળાના સંચાલક કમ કુકને તાલપોડા શાળાની વધારાની કામગીરી સોંપવામાં આવી છે.

# કપડવંજના કાવઠ ગામના વૃદ્ધાનું સ્વાઈન ફ્લુનું મોત

**નિરમાલી બાદ** કાવઠમાં બીજો પોઝિટિવ કેસ સામે આવતાં આરોગ્ય વિભાગ દોડતુ થયું

(પ્રતિનિધિ) કપડવંજ તા.૧૨

કપડવંજ તાલુકામાં ટૂંકા સમયગાળામાં બે અલગ-અલગ ગામોમાં સ્વાઈન ફ્લૂના કેસ નોંધાતાં ચિંતાજનક સ્થિતિ સર્જાઈ છે. કાવઠ ગામના ૬૨ વર્ષીય મહિલાનો સ્વાઈન ફ્લૂ રિપોર્ટ પોઝિટિવ આવ્યા બાદ અમદાવાદની હોસ્પિટલમાં આઈસીયુમાં વેન્ટિલેટર પર સારવાર દરમિયાન શુક્રવારે સવારે મોત થયું છે.

મળતી વિગતો અનુસાર, કાવઠ ગામના ૬૨ વર્ષીય મહિલાની તબિયત લથડતાં તેમને તાત્કાલિક અમદાવાદની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં લેબોરેટરી તપાસમાં સ્વાઈન ફ્લૂ પોઝિટિવ આવ્યો હતો. તબિયત વધુ નાજુક બનતાં તેમને આઈસીયુમાં વેન્ટિલેટર પર રાખવામાં આવ્યા હતા, જ્યાં શુક્રવારે સવારે તેમણે અંતિમ શ્વાસ લીધા હતા.

આ કેસના થોડા દિવસ અગાઉ જ નિરમાલી ગામના ૭૬ વર્ષીય પુરુષનો પણ સ્વાઈન ફ્લૂ રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. આમ, તાલુકાના બે ગામોમાં ટૂંકા ગાળામાં કેસ સામે આવતાં આરોગ્ય તંત્ર તાત્કાલિક હરકતમાં આવ્યું છે. આરોગ્ય વિભાગ દ્વારા પોઝિટિવ દર્દીઓના પરિવારજનો અને તેમના નજીકના સંપર્કમાં આવેલા તમામ લોકોનું સ્ક્રિનિંગ હાથ ધરવામાં આવ્યું છે.

### મહેસૂલ કર્મચારીઓ બાદ હવે લેન્ડ રેકોર્ડના કર્મચારીઓ હડતાળ પર

# લેન્ડ રેકોર્ડ વિભાગના કર્મીઓ અનિશ્ચિત મુદતની હડતાળ પર

**ઓનલાઈન** અને ઓફલાઈન તમામ સેવાઓ બંધ કરવામાં આવી

(પ્રતિનિધિ) આણંદ તા.૧૨

આણંદમાં મહેસૂલ કર્મચારીઓ બાદ હવે આણંદના લેન્ડ રેકોર્ડ વિભાગના કર્મચારીઓએ પણ શુક્રવારથી અનિશ્ચિત મુદત માટે હડતાળ પર ઉતરવાનો નિર્ણય કર્યો છે. કર્મચારીઓએ ‘પેનડાઉન’ શસ્ત્ર ઉગામીને તમામ ઓનલાઈન અને ઓફલાઈન કામગીરીથી દૂર રહેવાની જાહેરાત કરતા જમીન માપણી અને પ્રોપર્ટી કાર્ડ સહિતની સરકારી સેવાઓ સંપૂર્ણપણે ઠપ થઈ ગઈ છે.



આણંદ જિલ્લામાં લેન્ડ રેકોર્ડ વિભાગના કર્મચારીઓએ વિવિધ માંગણીઓને લઈને આજથી હડતાળનું બ્યુગલ ફૂંક્યું છે. અગાઉ મહેસૂલ કર્મચારીઓ હડતાળ પર ઉતર્યા હતા, અને હવે તેમના બાદ લેન્ડ રેકોર્ડના કર્મચારીઓએ પણ આ લડતમાં ઝંપલાવ્યું છે.

કર્મચારીઓએ સંપૂર્ણ રીતે ‘પેનડાઉન’ કરવાનો નિર્ણય લીધો છે, જેના કારણે ઓનલાઈન પોર્ટલની કામગીરી અને ઓફલાઈન કચેરી કામગીરી બંને બંધ કરી દેવામાં આવી છે. કર્મચારીઓ આજથી અનિશ્ચિત મુદત સુધી આ હડતાળ પર રહેવાના હોવાથી ખાસ કરીને જમીન માપણી, પ્રોપર્ટી કાર્ડ તૈયાર કરવા તેમજ તેને લગતી તમામ સેવાઓ અટકી પડી છે.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### વસોની વિવિધ શાળાના શિક્ષકોનો સ્નેહ મિલન સમારોહ ઉત્સાહભેર યોજાયો




**આણંદ |** વસો ખાતે વિવિધ શાળાઓના આચાર્ય તથા શિક્ષકમિત્રોનો સ્નેહ મિલન સમારોહ આત્મીય અને આનંદમય વાતાવરણમાં યોજાયો હતો. આ પ્રસંગે બ્રહ્માકુમારી તરુબેન, તેજલબેન તથા હીનાબેને ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ અને સંસ્કાર ઘડતર અંગે પ્રેરણાદાયી વિચારો રજૂ કર્યા હતા. આ સ્નેહ મિલનનો મુખ્ય હેતુ શિક્ષકો વચ્ચે પરસ્પર આત્મીયતા, એકતા અને સહકારની ભાવનાને વધુ સુદૃઢ કરવાનો રહ્યો હતો. અંદરોઅંદર વિચારોના આદાન-પ્રદાન અને આત્મીય સંવાદથી સમગ્ર કાર્યક્રમ ગૌરવપૂર્ણ અને યાદગાર બન્યો હતો.

### વસો બ્રહ્માકુમારી કેન્દ્ર ખાતે શ્રાવણના અંતિમ સોમવારે બરફના શિવલિંગના દર્શન યોજાયા



**આણંદ |** વસો બ્રહ્માકુમારી સેવા કેન્દ્ર દ્વારા પવિત્ર શ્રાવણ માસના અંતિમ સોમવારે આકર્ષક બરફના શિવલિંગનું નિર્માણ કરવામાં આવ્યું હતું. આ દિવ્ય દર્શનનો લાભ લેવા માટે વસો તથા આજુબાજુના ગામોમાંથી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ અને ભક્તજનો ઉમટી પડ્યા હતા. બ્રહ્માકુમારી આદરણીય તરુદિદી તથા તેજલબેન ના માર્ગદર્શન અને ઉપસ્થિતિથી સમગ્ર વાતાવરણ આધ્યાત્મિક બની ગયું હતું. સરપંચ દીપકભાઈ દલવાડી અને સ્થાનિક અગ્રણીઓ સહિત ગ્રામજનોએ શ્રદ્ધાપૂર્વક દર્શન કરી ભગવાન શિવના આશીર્વાદ મેળવ્યા હતા.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

ગતિવિધિ

**આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને ‘ગુજરાતમિત્ર’ આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.**

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### નડિયાદ બીએપીએસ મંદિરમાં ખેડા જિલ્લા ભાજપની ઉચ્ચ સ્તરીય બેઠક યોજાઇ




**નડિયાદ |** નડિયાદના બીએપીએસ સ્વામિનારાયણ મંદિરના યોગીફાર્મ ખાતે ખેડા જિલ્લા ભાજપ સંગઠનના હોદ્દેદારો અને કાર્યકરોની એક ઉચ્ચ સ્તરીય બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ગુજરાત પ્રદેશ પ્રભારી તરુણજી, પ્રદેશ ભાજપ અગ્રણી રત્નાકરજી, મહામંત્રી અજયભાઈ બ્રહ્મભટ્ટ, ખેડાના સાંસદ દેવુસિંહ ચૌહાણ તથા ધારાસભ્યો ઉપસ્થિત રહ્યા હતા. તમામ પદાધિકારીઓએ મંદિરના કોઠારી સંત પૂજ્ય સર્વમંગલ સ્વામીની મુલાકાત લઈને અક્ષર પુરુષોત્તમ સ્વામિનારાયણ ભગવાનના દર્શન કર્યા હતા. આ પ્રસંગે ઉપસ્થિત નેતાઓએ મંદિર પરિસરમાં નીલકંઠવર્ણીની મૂર્તિનો પવિત્ર અભિષેક કરવાનો પણ લાભ લીધો હતો.

### ખંભાતના વટાદરાની કે.એસ.શાહ પ્રાથમિક વિદ્યાવિહાર શાળામાં નવતર પ્રયોગ હાથ ધરાયો



**ખંભાત |** ખંભાત તાલુકાના વટાદરા સ્થિત શ્રી કે.એસ. શાહ પ્રાથમિક વિદ્યાવિહાર શાળામાં શિક્ષક દિને પરંપરાગત ઉજવણીમાં અનોખો બદલાવ કરાયો હતો. આ પ્રયોગ અંતર્ગત વિદ્યાર્થીઓ સાથે વાલીઓએ પણ વર્ગખંડમાં જઈને સંતાનોને એક દિવસ માટે શિક્ષણ આપ્યું હતું. વાલીઓને સ્કૂલમાં અપાતા શિક્ષણ, વાણી-વર્તન અને સર્વાંગી વિકાસની પ્રવૃત્તિઓનો પ્રત્યક્ષ અનુભવ કરાવવો એ તેનો મુખ્ય હેતુ હતો. આ કાર્યક્રમના અંતે શિક્ષક બનેલા વાલીઓને પુષ્પગુચ્છ તથા આભારપત્ર અને વિદ્યાર્થીઓને પેન આપી પ્રોત્સાહિત કરાયા હતા.

### કપડવંજ કોલેજમાં એનએસએસ અંતર્ગત વ્યસન મુક્તિ કાર્યક્રમ અને સ્વચ્છતા શપથ યોજાયા



**કપડવંજ |** કપડવંજની શાહ કે. એસ. આર્ટ્સ અને વી. એમ. પારેખ કોમર્સ કોલેજમાં ‘વ્યસન મુક્ત ભારત અભિયાન’ અંતર્ગત નાટક અને વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં બ્રહ્મા કુમારી પૂજાબેને વ્યસનના ગેરફાયદા જણાવી વિદ્યાર્થીઓને આંતરિક શક્તિના વિકાસ માટે ધ્યાનની ટેકનીક શીખવી હતી. કોલેજના આચાર્ય ડો. વિષ્ણુપ્રસાદ ત્રિવેદીએ યુવાનોને નશાથી દૂર રહી સમાજમાંથી વ્યસનરૂપી દુર્ગુણો દૂર કરવા આહ્વાન કર્યું હતું. આ પ્રસંગે ‘વિકાસ સપ્તાહ-2026’ અંતર્ગત સ્વચ્છતા શપથ લેવામાં આવ્યા હતા તેમજ માય ભારત પોર્ટલ અંગે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

### કપડવંજની સુણદા હાઇસ્કૂલમાં ‘વિશ્વ આત્મહત્યા નિવારણ દિવસ’ની ભાવસભર ઉજવણી કરાઇ



**કપડવંજ |** કપડવંજ તાલુકાની એચ. એમ. શાહ હાઇસ્કૂલ, સુણદા ખાતે 10 સપ્ટેમ્બરના રોજ વિદ્યાર્થીઓમાં માનસિક સ્વાસ્થ્ય અને ભાવનાત્મક જાગૃતિ લાવવા વિશેષ કાર્યક્રમ યોજાયો હતો. “Changing the Narrative on Suicide” થીમ હેઠળ કી-નોટ સ્પીકર ડો. રિતેશ પટેલે તણાવના સમયે મૌન ન રહી યોગ્ય વ્યક્તિ સાથે વાત કરવાનો સકારાત્મક સંદેશ આપ્યો હતો. આ પ્રસંગે પ્રોજેક્ટ કન્વીનર પારૂલ દેવમુરારીએ પ્રેઝન્ટેશન દ્વારા આત્મહત્યા નિવારણમાં પરિવાર, શાળા અને સમાજની મહત્વપૂર્ણ ભૂમિકા સમજાવી હતી. ધોરણ 11 અને 12ના વિદ્યાર્થીઓએ “એક વાત સાંભળજો” વિષય પર સંવેદનશીલ નાટક રજૂ કર્યું હતું.

### કપડવંજની જડાવબા શિશુ કેન્દ્રમાં ‘મારા હાથેથી મારા ગણપતિ’ સર્જનાત્મક કાર્યક્રમ યોજાયો



**કપડવંજ |** કપડવંજ કેળવણી મંડળ સંચાલિત શ્રી જડાવબા શિશુ કેન્દ્ર ખાતે ગણેશ ચતુર્થી નિમિત્તે ‘મારા હાથેથી મારા ગણપતિ’ વાલી-બાળક સર્જનાત્મક પ્રવૃત્તિનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રવૃત્તિનો મુખ્ય હેતુ બાળકોમાં સર્જનાત્મકતા, કલ્પનાશક્તિ અને આત્મવિશ્વાસનો વિકાસ કરવા સાથે પર્યાવરણપ્રેમી ગણેશોત્સવનો સંદેશ આપવાનો હતો. આ કાર્યક્રમ દરમિયાન વાલીઓએ બાળકોના ઉત્સાહભેર સહકારથી કુદરતી માટીમાંથી ગણેશજીની આકર્ષક મૂર્તિઓ બનાવીને સુંદર શણગાર કર્યો હતો. બનાવવામાં આવેલી મૂર્તિઓમાંથી શ્રેષ્ઠ ૧ થી ૫ ક્રમ મેળવનાર વિજેતા વાલીઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

### મોગરીની જ્ઞાનયજ્ઞ વિદ્યાલયની બે વિદ્યાર્થિની રાજ્ય કક્ષાની કબડ્ડી સ્પર્ધામાં પસંદગી થઇ



**આણંદ |** આણંદ ખાતે યોજાયેલી જિલ્લા કક્ષાની અન્ડર-૧૪ કબડ્ડી સ્પર્ધામાં જ્ઞાનયજ્ઞ વિદ્યાલય, મોગરીની વિદ્યાર્થીનીઓએ અદ્ભુત કૌશલ્ય દાખવ્યું હતું. ઉત્કૃષ્ટ રમતને આધારે ધોરણ ૮ ની બે વિદ્યાર્થીનીઓ ગુંજન પટેલ અને રાહી ગઢવીની રાજ્ય કક્ષાની ટુર્નામેન્ટ માટે પસંદગી થઈ છે. આ ભવ્ય સિદ્ધિ બદલ પૂજ્ય ડો. રતિકાકા અને આચાર્યા ઊર્જાબહેન પટેલે દીકરીઓ તથા માર્ગદર્શક શિક્ષકને હૃદયપૂર્વક અભિનંદન પાઠવ્યા હતા.

### સરદાર પટેલ યુનિવર્સિટીમાં એન્ટિમાઇક્રોબિયલ રેઝિસ્ટન્સ જનજાગૃતિ અર્થે કાર્યક્રમ યોજાયો



**આણંદ |** સરદાર પટેલ યુનિવર્સિટીના ફાર્માસ્યુટિકલ સાયન્સિસ વિભાગ દ્વારા પીસીઆઈના રાષ્ટ્રીય અભિયાન અંતર્ગત ‘ફાર્મસી સપ્તાહ’ની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ એન્ટિબાયોટિક દવાઓના વધુ પડતા ઉપયોગથી થતા નુકસાન અને એન્ટિમાઇક્રોબિયલ રેઝિસ્ટન્સ અંગે જનસમુદાયમાં જાગૃતિ કેળવવાનો હતો. વિદ્યાર્થીઓએ એઆઈ રીલ્સ, પત્રિકા નિર્માણ, સાયટૂન, ક્વિઝ તેમજ જાહેર સ્થળો અને બસ મથકો પર નાટકો દ્વારા માત્ર ડોક્ટરની સલાહ મુજબ જ દવાઓ લેવાનો સંદેશ આપ્યો હતો. આ યુનિવર્સિટીના કુલપતિ પ્રો. નિરંજનભાઈ પટેલે આ સામાજિક જાગૃતિ અભિયાન બદલ ફાર્મસી વિભાગના અધ્યક્ષ પ્રો. વિજયકુમાર કે. પરમાર અને સમગ્ર ટીમને અભિનંદન પાઠવ્યા હતા.

### આણંદના શ્રેષ્ઠ શિક્ષક નીતિનભાઈ પટેલનું નરેન્દ્ર મોદી વિચાર મંચ દ્વારા સન્માન કરાયું




**આણંદ |** આણંદના નરેન્દ્ર મોદી વિચાર મંચના મહિલા શાખા દ્વારા વિદ્યાનગર સ્કૂલના શિક્ષક નીતિનભાઈ વિનુભાઈ પટેલનું ગૌરવભેર સન્માન કરવામાં આવ્યું હતું. તેઓ આણંદ જિલ્લા માધ્યમિક શિક્ષક સંઘના પ્રમુખ તેમજ જિલ્લા વ્યાયામ શિક્ષક સંઘના મહામંત્રી તરીકે સેવાઓ આપી રહ્યા છે. ઉપરાંત તેઓ ગુજરાત રાજ્ય કુસ્તી તથા જુડો એસોસિયેશનના ઉપપ્રમુખ તરીકે પણ રમતગમત અને શિક્ષણ ક્ષેત્રે નોંધપાત્ર યોગદાન આપી રહ્યા છે. તેમની આ ઉત્કૃષ્ટ સેવાઓને બિરદાવતાં શિક્ષક દિવસે આણંદ જિલ્લા વહીવટી તંત્ર, રાજ્યના બે કેબિનેટ મંત્રી અને સાંસદ દ્વારા પણ સન્માન કરવામાં આવ્યું હતું.

### કસ્તુરબા કન્યા વિદ્યાલયમાં શિસ્ત અને ઉત્સાહ સાથે ‘શિક્ષક દિવસ’ની ઉજવણી



**આણંદ |** ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત કસ્તુરબા કન્યા વિદ્યાલય ખાતે ‘શિક્ષક દિવસ’ની ઉજવણી કરવામાં આવી હતી. આ નિમિત્તે એક દિવસ માટે શિક્ષકની ભૂમિકા ભજવી રહેલી વિદ્યાર્થીનીઓએ પ્રાર્થના, સુંદર સ્ટેજ ડેકોરેશન તેમજ સ્ટેજ મેનેજમેન્ટની જવાબદારી કુશળતાપૂર્વક નિભાવી હતી. આ કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીનીઓએ પ્રેરણાદાયી વક્તવ્ય આપવા સાથે વર્ગખંડોનું સફળ સંચાલન કર્યું હતું. આ પ્રસંગે સંસ્થાના મંત્રી કેતનભાઈ પટેલ, કેમ્પસ ડાયરેક્ટર મહેશભાઈ, આચાર્યા નિરાલીબેન, સુપરવાઈઝરગણ શુભેચ્છા પાઠવી હતી.